Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-2, September-2024

# ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણનો પ્રવાહ: એક વિશ્લેષણાત્મક અભ્યાસ

**Dr. Rita Chandarana**
Assistant Professor, Department of Economics Maniben Nanavati Women's College Vallabhbhai Road, Vile Parle (West), Mumbai-56
**rita.radiya@gmail.com**

**ABSTACT**
ભારતમાં વર્ષ ૧૯૫૦ થી વર્ષ ૧૯૯૦ દરમિયાન વિદેશી રોકાણ અંગેનો ભારતનો અભિગમ હંમેશા સાવધાનીપૂર્વકનો રહ્યો હતો. હંમેશા એ ખાતરી કરવામાં આવી હતી કે ઉદ્યોગોની માલિકી અને નિયંત્રણ મુખ્યત્વે ભારતના રોકાણકારો પાસે રહે. અર્થતંત્ર માટે ફાયદાકારક હોય એ દિશામાં વિદેશી રોકાણને મહત્વ આપવાની નીતિ રાખવામાં આવતી હતી. ૧૯૫૦ ના દાયકા સુધી તેલ ક્ષેત્ર સિવાયના ક્ષેત્રોમાં FDI ભાગ્યેજ રહે તેવું ચુસ્ત દેખરેખ રાખવામાં આવતી હતી. આઝાદી પછીની સાવધ FDI નીતિને પરિણામે ભારતમાં FDI ના પ્રવાહમાં ઘટાડો થયો હતો. પરંતુ વર્ષ ૧૯૮૯-૯૦ ના સમયગાળા દરમ્યાન ભારતને આર્થિક કટોકટીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે નાણાકીય કટોકટીના નિવારણ અર્થે ભારતમાં વર્ષ ૧૯૯૧ માં માળખાગત અનુકુલનના કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યા જે હેઠળ વિદેશી સીધા મૂડીરોકાણ માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું. આ સુધારણાના પગલાઓના એક ભાગ રૂપે ભારતમાં FDIને આકર્ષવા માટેની નીતિ ઘડવામાં આવી. ત્યારબાદ થી ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણમાં વધારો થવા પામ્યો છે. અલબત આ મૂડીરોકાણોમાં વર્ષો વર્ષ મોટી વધઘટ થતી રહી છે. અહીં પ્રસ્તુત સંશોધન લેખમાં ભારતમાં વિદેશી રોકાણના પ્રવાહ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે.

**KEY WORDS: આર્થિક વિકાસ, વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ, FDI નો પ્રવાહ, નવા આર્થિક સુધારાઓ**

## પ્રસ્તાવના:

વર્તમાન સમયમાં ઝડપથી વિકસતા ભારત દેશની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમાં નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે અને વર્ષ ૨૦૨૭ સુધીમાં તે વિશ્વની અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા સ્થાને પહોચી જશે તેવું અનુમાન લગાવવામાં આવે છે. ઝડપથી વિકસતી આ અર્થવ્યવસ્થાના આર્થિક વિકાસમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણએ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ એ વિશ્વભરમાં આર્થિક વૃદ્ધિ, વિકાસ અને નવીનતાને ઉત્તેજન આપવા માટેનું ચાલકબળ છે. સામાન્ય રીતે કોઈપણ રાષ્ટ્રમાં ઉત્પાદન કે આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા માટે વિદેશી નાગરિકો અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા મૂડીરોકાણને વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના મૂડીરોકાણો મુખ્યત્વે બહુરાષ્ટ્રીય

કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. તેઓ પોતાની શાખા કે પેટા કંપની વિદેશોમાં સ્થાપે છે અથવા જે તે દેશની કંપની સાથે સહયોગ સાધીને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરે છે. ભારતમાં વર્ષ ૧૯૯૧ માં અમલમાં મૂકવામાં આવેલ નવી આર્થિક નીતિ પછી પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં મોટો વધારો થવા પામ્યો છે. અલબત આ મૂડીરોકાણોમાં વર્ષો વર્ષ મોટી વધઘટ થતી રહી છે. અહી પ્રસ્તુત સંશોધન લેખમાં ભારતમાં વિદેશી રોકાણના પ્રવાહ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓ:**

પ્રસ્તુત અભ્યાસ નીચેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧) ભારતમાં વિદેશી રોકાણનું મહત્વ તપાસવું.

૨) ભારતમાં વિદેશી મૂડીરોકાણના પ્રવાહનો અભ્યાસ કરવો.

**અભ્યાસની પદ્ધતિ:**

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. અભ્યાસ માટે મુખ્યત્વે અહેવાલો, પુસ્તકો, સામયિકો, સંશોધન પત્રો અને વિવિધ વેબસાઈટને આધાર બનાવવામાં આવ્યો છે.

**ભારતમાં વિદેશી મૂડીરોકાણનું મહત્વ:**

ભારતમાં વિદેશી મૂડીરોકાણ દેશના આર્થિક વિકાસમાં નીચેની રીતે મહત્વનો ભાગ ભજવે છે. તેનો અભ્યાસ કરવો અહીં જરૂરી બને છે.

રોજગારીની તકોનું સર્જન: વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ દ્વારા મેન્યુફેક્ચરિંગ તેમજ સેવા ક્ષેત્રને વેગ પ્રાપ્ત થાય છે. વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ દ્વારા દેશમાં શિક્ષિત યુવાનો - તેમજ કુશળ અને અકુશળ શ્રમ - વચ્ચે બેરોજગારી ઘટાડવામાં મદદ થાય છે. રોજગારીમાં વધારો દેશની આવક અને ખરીદશક્તિને વધારે છે. તેનાથી દેશની અર્થવ્યવસ્થાને વેગ મળે છે.

માનવ સંસાધન વિકાસ: માનવ મૂડીમાં કાર્યબળની કુશળતા, જ્ઞાન અને યોગ્યતાનો સમાવેશ થાય છે. અનુભવ અને તાલીમ દ્વારા મેળવેલ જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્તકર્તા દેશના શિક્ષણ અને માનવ મૂડીના સ્તરને વધારવામાં મદદ કરે છે. વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ દ્વારા માનવ સંસાધનોને અન્ય ક્ષેત્રોમાં પણ તાલીમ આપી શકાય છે.

નિકાસમાં વધારો: ભારતમાં એફડીઆઈની આ સૌથી મોટી અસર છે. ચીજ વસ્તુઓ માત્ર સ્થાનિક ઉપયોગ માટે જ નહીં પરંતુ વિશ્વભરના બજારો માટે પણ બનાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ફાર્માસ્યુટિકલ્સ, દવાઓ અને રસીઓ માત્ર ભારતીય બજાર માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ઉપયોગ માટે બનાવવામાં આવે છે. કોવિડ-19ના રોગચાળા દરમિયાન, ભારત સમગ્ર વિશ્વમાં રસી અને દવાઓનો મોટો નિકાસકાર બન્યો હતો.

કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો: વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ સાથે અધતન

ટેક્નોલોજીનો પ્રવેશ દેશમાં થાય છે. સમય જતાં, આ અદ્યતન અને આધુનિક ટેકનોલોજી સ્થાનિક અર્થતંત્ર સુધી વિસ્તરે છે, પરિણામે કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં સુધારો થાય છે.

ભારતમાં વિદેશી પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI)ને આકર્ષિત કરવાના હેતુથી ભારત વધુને વધુ આકર્ષક રોકાણ સ્થળ બની રહે તે સુનિશ્ચિત કરવા તાજેતરના સમયમાં FDI નીતિમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. FDI ભારતીય અર્થતંત્રના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આને ધ્યાનમાં રાખીને, કેટલાક મહત્વના ક્ષેત્રો બાદ કરતા મોટાભાગના ક્ષેત્રો/ પ્રવૃતિઓ સ્વચાલિત માર્ગ હેઠળ ૧૦૦% વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ (FDI) માટે ખુલ્લા મુકાયા છે. ભારતમાં FDI નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ઝડપી આર્થિક વિકાસ માટે સ્થાનિક મૂડી, ટેકનોલોજી અને કૌશલ્યોને પૂરક બનાવવા માટે વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણને આકર્ષવા અને પ્રોત્સાહન આપવાનો છે. ભારતની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોની સુરક્ષાને ધ્યાનમાં રાખી FDI માટે બે માર્ગ રચવામાં આવ્યા છે. અર્થાત FDI ને ઓટોમેટિક રૂટ અથવા સરકારી રૂટ હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

સ્વચાલિત માર્ગ (ઓટોમેટિક રૂટ): સ્વચાલિત માર્ગ જેમાં ભારતમાં વિદેશી રોકાણકારોને ભારતીય સત્તાવાળાઓની પૂર્વ મંજૂરી વગર નક્કી કરેલા ક્ષેત્રોમાં વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ કરવાની મંજૂરી આપે છે. આ રૂટ હેઠળ, રોકાણકારોએ માત્ર નિર્દિષ્ટ સમયમર્યાદામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ને સૂચિત કરવાની જરૂર છે. આ રૂટ વ્યાપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને વિદેશી મૂડીને આકર્ષવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે, જે ઉચ્ચ FDI મર્યાદાઓ માટે ખુલ્લા હોય અથવા ચોક્કસ સુરક્ષા ચિંતાઓ ધરાવતા ન હોય તેવા ક્ષેત્રો માટે તે ખાસ કરીને આકર્ષક બનાવે છે.

સરકારી માર્ગ: સરકારી માર્ગ માટે ભારતમાં વિદેશી રોકાણકારો માટે ભારત સરકાર અથવા સંબંધિત મંત્રાલયોની પૂર્વ મંજૂરી જરૂરી છે. આ માર્ગ સામાન્ય રીતે એવા ક્ષેત્રો માટે આરક્ષિત છે જેમાં રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહાત્મક હિતોનો સમાવેશ થાય છે અથવા ચોક્કસ નિયમનકારી ચિંતાઓ હોય છે.

**ભારતમાં વિદેશી મૂડીરોકાણનો કુલ પ્રવાહ:**

વર્ષ ૧૯૯૦-૯૧ માં ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણો ૬૦ લાખ ડોલરના થયા હતા. જે વર્ષ ૨૦૦૦-૦૧ માં વર્ષમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણો વધીને ૨૩૪ કરોડ ડોલર થયું હતું. ભારતમાં FDI વર્ષ ૨૦૧૪-૧૫ થી સતત વધતું રહ્યું છે. વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૨૧-૨૨ વચ્ચેના વર્ષોમાં દેશમાં ૪૪૩ અબજ ડોલરથી વધુનો FDI નો પ્રવાહ જોવા મળ્યો છે. UNCTAD ના વર્લ્ડ ઇન્વેસ્ટમેન્ટ રિપોર્ટ પ્રમાણે ભારત વૈશ્વિક રોકાણકારો માટે મનપસંદ સ્થળ બન્યું છે. આ અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૨ માં નવા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સ માટે ભારતે ત્રીજા ક્રમનું સૌથી વધુ

વિદેશી સીધું મૂડીરોકાણ મેળવ્યું છે. ભારતમાં વિદેશી મૂડીરોકાણ અંગેનો અભ્યાસ કોષ્ટક નં. ૧ અને આલેખ નં. ૧ ના આધારે કરી શકાય છે.

કોષ્ટક નં. ૧

ભારતમાં વિદેશી રોકાણનો પ્રવાહ


| વર્ષ | વિદેશી મૂડીરોકાણનો કુલ પ્રવાહ (યુએસ ડોલર મિલિયનમાં) | વૃદ્ધિ દર |
|---|---|---|
| ૨000-0૧ | ૪0૨૯ | - |
| ૨00૧-0૨ | ૬૧30 | ૫૨% |
| ૨00૨-03 | ૫03૫ | ૧૮% |
| ૨003-0૪ | ૪3૨૨ | ૧૪% |
| ૨00૪-0૫ | ૬0૫૧ | ૪0% |
| ૨00૫-0૬ | ૮૯૬૧ | ૪૮% |
| ૨00૬-0૭ | ૨૨૮૨૬ | ૧૫૫% |
| ૨00૭-0૮ | 3૪૮૪3 | ૫3% |
| ૨00૮-0૯ | ૪૧૮૭3 | ૨0% |
| ૨00૯-૧0 | 3૭૭૪૫ | -૧0% |
| ૨0૧0-૧૧ | 3૪૮૪૭ | -0૮% |
| ૨0૧૧-૧૨ | ૪૬૫૫૬ | 3૪% |
| ૨0૧૨-૧3 | 3૪૨૯૮ | -૨૬% |
| ૨0૧3-૧૪ | 3૬0૪૬ | 0૫% |
| ૨0૧૪-૧૫ | ૪૫૧૪૮ | ૨૫% |
| ૨0૧૫-૧૬ | ૫૫૫૫૯ | ૨3% |
| ૨0૧૬-૧૭ | ૬0૨૨0 | 0૮% |
| ૨0૧૭-૧૮ | ૬0૯૭૪ | 0૧% |
| ૨0૧૮-૧૯ | ૬૨00૧ | 0૨% |
| ૨0૧૯-૨0 | ૭૪3૯૧ | ૨0% |
| ૨0૨0-૨૧ | ૮૧૯૭3 | ૧0% |
| ૨0૨૧-૨૨ | ૮૪૮3૫ | 3% |
| ૨0૨૨-૨3 | ૭૧3૫૫ | -૧૬% |
| ૨0૨3-૨૪ | 33,૧૨૫ | - |

| | | |
|---|---|---|
| (સપ્ટેમ્બર મહિના સુધી) | | |
| **કુલ** | **૯,૫૩,૧૪૩** | |

સ્ત્રોત: https://dpiit.gov.in/publications/FDI-statistics

આલેખ નં. ૧

ભારતમાં વિદેશી સીધા મૂડીરોકાણનો પ્રવાહ (યુએસ ડોલર મિલિયનમાં)




ભારત, આજે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (EoDB) પર ટોચની ૧૦૦ ક્લબનો એક ભાગ છે. ભારતમાં FDI નો કુલ પ્રવાહ ૨૦૧૪-૧૫ માં ૪૫,૧૪૮ યુ.એસ મિલિયન ડોલર હતો. ત્યારથી તેમાં સતત વધારો થયો છે. છેલ્લા ૨૩વર્ષોમાં દેશમાં કુલ FDI નો પ્રવાહ (એપ્રિલ ૨૦૦૦ – સપ્ટેમ્બર ૨૦૨૩) ૯,૫૩,૧૪૩ યુ.એસ મિલિયન ડોલર જેટલો છે. જ્યારે છેલ્લા ૯ વર્ષોમાં (એપ્રિલ ૨૦૧૪ – સપ્ટેમ્બર ૨૦૨૩) કુલ FDI નો પ્રવાહ ૬,૧૫,૭૩૦ યુએસ મિલિયન ડોલર હતું. જે છેલ્લા ૨૩ વર્ષના કુલ FDIના ૬૫% જેટલું છે.

કોષ્ટક નં. ૨ માં ભારતમાં FDI ક્ષેત્રે અગ્રેસરના દસ દેશોનો ટકાવારી ફાળાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. કોષ્ટકનં. ૨ નો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે, એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૩ આ ૨૩ વર્ષના કુલ FDI માં વિવિધ દેશોમાંથી મુખ્યત્વે મોરેશિયસ (૨૫%), સિંગાપોર (૨૩%), યુએસએ (૧૦%), નેધરલેન્ડ (૭%) અને જાપાન (૬%) ભારતમાં FDI ઇક્વિટી પ્રવાહ માટે ટોચના ૫ દેશો તરીકે ઉભરી આવ્યા છે.

કોષ્ટક નં. ૨

ભારતમાં વિદેશી સીધા મૂડીરોકાણ ક્ષેત્રે અગ્રેસરના દસ દેશો (યુએસ ડોલર મિલિયનમાં)

| ક્રમ | રાષ્ટ્ર | ૨૦૨૧-૨૨ (એપ્રિલ-માર્ચ) | ૨૦૨૨-૨૩ (એપ્રિલ-માર્ચ) | ૨૦૨૩-૨૪ (એપ્રિલ-સપ્ટેમ્બર) | કુલ (એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૩) | કુલ વિદેશી સીધા મૂડીરોકાણ ની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | મોરેશિયસ | ૯૩૯૨ | ૬૧૩૪ | ૨૯૫૨ | ૧૬૬,૮૨૮ | ૨૫% |
| ૨ | સિંગાપોર | ૧૫૮૭૮ | ૧૭૨૦૩ | ૫૨૨૪ | ૧૫૩૨૯૩ | ૨૩% |
| ૩ | યુએસએ | ૧૦૫૪૯ | ૬૦૪૪ | ૨૦૫૨ | ૬૨૨૪૮ | ૧૦% |
| ૪ | નેધરલેન્ડ | ૪૬૨૦ | ૨૪૯૮ | ૧૯૨૭ | ૪૫૬૮૬ | ૦૭% |
| ૫ | જાપાન | ૧૪૯૪ | ૧૭૯૮ | ૨૦૯૮ | ૪૦૮૩૮ | ૦૬% |
| ૬ | યુનાઇટેડ કિંગડમ | ૧૬૫૭ | ૧૭૩૮ | ૬૩૮ | ૩૪૫૧૪ | ૦૫% |
| ૭ | યુએઈ | ૧૦૩૨ | ૩૩૫૩ | ૧૧૦૦ | ૧૬૬૭૮ | ૦૩% |
| ૮ | કેમેન આઇલેન્ડ | ૩૮૧૮ | ૭૭૨ | ૧૪૫ | ૧૫૦૬૯ | ૦૨% |
| ૯ | જર્મની | ૭૨૮ | ૫૪૭ | ૨૩૮ | ૧૪૩૭૬ | ૦૨% |
| ૧૦ | સાયપ્રસ | ૨૩૩ | ૧૨૭૭ | ૩૫ | ૧૨૬૮૦ | ૦૨% |
| કુલ દેશો દ્વારા કુલ વિદેશી સીધું મૂડીરોકાણ | | ૫૮,૭૭૩ | ૪૬,૦૩૪ | ૨૦,૪૮૮ | ૬૫૫૦૫૦ | |

સ્ત્રોત: https://dpiit.gov.in/publications/FDI-statistics

એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૩ આ ૨૩ વર્ષના સમયગાળા દરમ્યાન ભારતમાં FDI ઇક્વિટી પ્રવાહના ટોચના ૫ ક્ષેત્રોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થયું છે કે, ભારતમાં FDI ઇક્વિટી પ્રવાહ સેવા ક્ષેત્રે (ફાઇનાન્સ, બેન્કિંગ, ઈન્સ્યોરન્સ, નોન-ફિન/ બિઝનેસ, આઉટસોર્સિંગ, આર એન્ડ ડી, કુરિયર, ટેક. ટેસ્ટિંગ એન્ડ એનાલિસિસ, અન્ય) (૧૬%), કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રે (૧૫%), ટ્રેડિંગ ક્ષેત્રે (૬%) ટેલિકોમ્યુનિકેશન્સ ક્ષેત્રે (૬%) અને ઓટોમોબાઈલ ઉદ્યોગ ક્ષેત્રે (૫%) સૌથી વધુ એફડીઆઈ ઈક્વિટી ઈન્ફ્લો મેળવનારા ટોચના 5 ક્ષેત્રો છે.


કોષ્ટક નં. 3

વિદેશી સીધા મૂડીરોકાણને આકર્ષિત કરતા રાજ્યો (યુએસ ડોલર મિલિયનમાં)

| ક્રમ | રાજ્ય | ૨૦૨૧-૨૨ (એપ્રિલ-માર્ચ) | ૨૦૨૨-૨૩ (એપ્રિલ-માર્ચ) | ૨૦૨૩-૨૪ (એપ્રિલ-સપ્ટેમ્બર) | કુલ વિદેશી સીધું મૂડીરોકાણ (ઓક્ટોબર ૨૦૧૯-સપ્ટેમ્બર - ૨૦૨૩) | કુલ વિદેશી સીધા મૂડીરોકાણની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહારાષ્ટ્ર | ૧૫૪૩૯ | ૧૪૮૦૬ | ૭૯૫૦ | ૬૧૯૨૧ | 30% |
| ૨ | કર્નાટકા | ૨૨૦૭૨ | ૧૦,૪૨૯ | ૨૮૪૪ | ૪૭૩૦૫ | ૨૩% |
| ૩ | ગુજરાત | ૨૭૦૬ | ૪૭૧૪ | ૨૨૮૬ | ૩૪૧૮૭ | ૧૬% |
| ૪ | દિલ્હી | ૮૧૮૯ | ૭૫૩૪ | ૩૧૦૭ | ૨૮૩૦૦ | ૧૪% |
| ૫ | તમિલનાડુ | ૩૦૦૩ | ૨૧૬૯ | ૧૩૪૯ | ૯૮૫૦ | ૦૫% |
| ૬ | હરિયાણા | ૨૭૯૮ | ૨૬૦૦ | ૯૭૩ | ૮૭૯૫ | ૦૪% |
| ૭ | તેલંગાના | ૧૬૦૭ | ૧૩૦૩ | ૧૧૭૬ | ૫૯૨૧ | ૦૩% |
| ૮ | ઝારખંડ | ૦૬ | ૦૬ | ૧૦ | ૨૬૬૬ | ૦૧% |
| ૯ | રાજસ્થાન | ૭૦૭ | ૯૧૦ | ૧૭૪ | ૨૨૫૨ | ૦૧% |
| ૧૦ | વેસ્ટ બંગાળ | ૪૨૮ | ૩૯૪ | ૮૩ | ૧૫૧૧ | ૦૧% |
| | | | | | ૨૦૮,૮૧૨.૪૪ | |

સ્ત્રોત: https://dpiit.gov.in/publications/FDI-statistics

આલેખ નં. ૨




ભારતમાં એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ સંચયી FDI પ્રવાહ ૩૮,૨૨, ૩૫૯ કરોડ રહ્યું છે. જેમાં સૌથી વધુ FDI ઈક્વિટી પ્રવાહ ધરાવનાર રાષ્ટ્ર તરીકે મહારાષ્ટ્ર પ્રથમ સ્થાન ધરાવે છે. એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૨૨ દરમ્યાન મહારાષ્ટ્રમાં ૧૦,૮૮,૫૦૨ કરોડ FDI પ્રવાહ રહ્યો છે. આ પ્રમાણ સમગ્ર ભારતના કુલ સંચયી FDI પ્રવાહના ૨૮.૫% જેટલો રહ્યો છે. જયારે કર્ણાટક બીજા ક્રમ સાથે આ પ્રમાણ ૫,૫૧,૦૪૪ કરોડ (૧૪.૪%) અને ગુજરાત ત્રીજા ક્રમ સાથે ૩,૬૯,૯૯૦ કરોડ (૯.૭%) નો FDI પ્રવાહ ધરાવે છે. આ જ પ્રમાણે કોષ્ટક નં. ૩ અને આલેખ નં. ૨ નો અભ્યાસ કરતા પણ આ બાબત સ્પષ્ટ થાય છે કે, ભારતમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પણ મહારાષ્ટ્ર (૩૦%), કર્ણાટક (૨૩%), ગુજરાત (૧૬%), દિલ્હી (૧૪%) અને તમિલનાડુ (૦૫%) સૌથી વધુ FDI ઈક્વિટી ઈન્ફ્લો મેળવનાર ટોંચના પાંચ રાજ્યો છે.

સમાપન:

આમ ભારતમાં જુલાઈ ૧૯૯૧ના આર્થિક સુધારા બાદથી જંગી માત્રામાં FDI આકર્ષવામાં સફળ રહ્યું છે. UNCTAD ના વર્લ્ડ ઇન્વેસ્ટમેન્ટ રિપોર્ટ પ્રમાણે ભારત વૈશ્વિક રોકાણકારો માટે મનપસંદ સ્થળ બન્યું છે. આ અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૨ માં નવા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સ માટે ભારતે ત્રીજા ક્રમનું સૌથી વધુ વિદેશી સીધું મૂડીરોકાણ મેળવ્યું છે. જો કે, તે નકારી શકાય નહીં કે ભારત હજું પણ તેના FDI ના કદના સંદર્ભમાં અન્ય વિકાસશીલ રાષ્ટ્રોથી પાછળ છે. વર્લ્ડ ઇન્વેસ્ટમેન્ટ રિપોર્ટ ૨૦૨૨ અનુસાર,વર્ષ ૨૦૨૧ માટે FDI ની દ્રષ્ટિએ ભારત ટોચની ૨૦ યજમાન અર્થવ્યવસ્થાઓમાં ૭ મા ક્રમે છે. આથી અહીં દેશના ટૂંકા ગાળાના વિકાસને બદલે તેના

લાંબા ગાળાના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની ભલામણ કરવામાં આવે છે. આ માટે સરકારે FDI ના સંદર્ભમાં નીતિઓને વધુ ઉદાર બનાવવાનું સૂચન કરવામાં આવે છે.

References:

Consolidated FDI Policy (October 2015), Department for Promotion of Industry and Internal Trade Ministry of Commerce and Industry Government of India, retrieved from from https://dpiit.gov.in/sites/default/files/FDI-PolicyCircular-2020-29October2020.pdf

Economic Survey of Maharashtra (2022-23), Director of Economics and Statistics, Planning Department, Department of Maharashtra, Mumbai retrieved from http://mls.org.in/PDF2023/BUDGET/ESM_2022_23_Eng_Book.pdf

Fact sheet
on foreign direct investment (FDI) inflow, from april, 2000 to september, 2023, retrieved from https://dpiit.gov.in/publications/FDI-statistics

India’s FDI Policy, Ministry of External Affairs, Government of India, retrieved from https://indbiz.gov.in/invest/FDI-policy/

Patil D. & Kadam, S. (2014), Effects of FDI on Indian Economy: A Critical Appraisal, Journal of Economics and Sustainable Development, Vol. 5, No. 19, retrieved from https://www.iiste.org/Journals/index.php/JEDS/article/view/16108/16439

Sector wise FDI Limit in India- Permitted Sectors of FDI, retrieved from https://www.setindiabiz.com/sector-wise-FDI-limit-india